# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪"

**જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૪-૨૫/૪૭૭ - ૫૬૫** **તા:૨૫/૦૧/૨૦૨૪**

**વંચાણે લીધા :** શિક્ષણ વિભાગના તા:૦૭/૦૬/૨૦23ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH

ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ  હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી/ગ્રાન્ટેડ અથવા નિયત ધારા ધોરણ મુજબ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજયના ૨૫,000 તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવા **'માન.મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અન્વયે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા " નીચેની વિગતે યોજવામાં આવશે.

- **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ / સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | ૨૫/૦૧/૨૦૨૪ |
| ૨ | વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૯/૦૧/૨૦૨૪ થી ૦૯/૦૨/૨૦૨૪ |
| 3 | પરીક્ષા ફી | નિઃશુલ્ક |
| ૪ | પરીક્ષાની તારીખ | 30/03/૨૦૨૪ |

❖ **કસોટીમાં બેસવા માટેની પાત્રતા :**

a) સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ-૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,તેવા આવકની મર્યાદા ધ્યાને લીધા વગર તમામ વિદ્યાર્થીઓ

**અથવા**

b) આરટીઈ એક્ટ ૨૦૦૯ની કલમ ૧૨(૧) (સી) ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ૨૫%ની મર્યાદામાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય અને જેઓના વાલીની આવક જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા વખતે આરટીઈ એક્ટ ૨૦૦૯ ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

❖ **પરીક્ષા ફીઃ-**

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા માટે કોઇપણ ફી રહેશે નહી.

❖ **કસોટીનું માળખુ:**

- આ પરીક્ષા બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (**Multiple Choice Question-MCQ Based**) રહેશે.
- આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ ગુણનું તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે.
- પરીક્ષાનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે.
- પરીક્ષામાં નીચે મુજબના વિષય તથા ગુણભાર રહેશે.

| | કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| (૧) | MAT બૌધ્ધિક યોગ્યતા કસોટી | ૪૦ | ૪૦ | ૧૫૦ મિનિટ |
| (૨) | SAT શૈક્ષણિક યોગ્યતા કસોટી | ૮૦ | ૮૦ | |

- જો કોઇ કિસ્સામાં વિદ્યાર્થીઓનું એકસરખુ ગુણાંકન (મેરીટ) આવે ત્યારે પસંદગી યાદી તૈયાર કરવાની પદ્ધતિ નકકી કરવાની આખરી સત્તા રાજય પરીક્ષા બોર્ડની રહેશે.
- પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને ૩૦ મિનિટનો વધારાનો સમય મળવાપાત્ર થશે.

❖ **અભ્યાસક્રમ:**

- MAT બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ પ્રશ્નો શાબ્દીક અને અશાબ્દીક તાર્કીક ગણતરીના રહેશે. આ પ્રશ્નોમાં સાદ્રશ્ય (Analogy), વર્ગીકરણ (Classification), સંખ્યાત્મક શ્રેણી (Numerical Series), પેટર્ન (Pattern Perception), છુપાયેલી આકૃતિ (Hidden Figure) ધોરણને અનુરૂપ સામાન્ય જ્ઞાન વિષય આધારિત પ્રશ્નો રહેશે.
- SAT શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ પ્રશ્નોમાં ધોરણ-૮ ના ગણિત-૨૦ ગુણ, વિજ્ઞાન-૨૦ ગુણ અને સામાજિક વિજ્ઞાન-૧૫ ગુણ, અંગ્રેજી-૧૦ ગુણ, ગુજરાતી-૧૦, હિન્દી-૫ ગુણ વિષયનો સમાવેશ થશે.
- અભ્યાસક્રમ ધોરણ-૮ નો ઉપરોક્ત વિષયનો રહેશે.

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

પરીક્ષા માટે નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં જે તે તાલુકામાં કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરીક્ષા કેન્દ્ર) પર વિદ્યાર્થીએ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વ ખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત રહેવાનું રહેશે.

❖ <u>જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ અને મેરીટ લિસ્ટ</u>

- આ પરીક્ષાનું પરિણામ રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવશે.
- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષામાં Cut Off કરતાં વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને યાદી સુપ્રત કરવામાં આવશે.
- ઉપર મુજબની યાદી પૈકીના બાળકોના દસ્તાવેજોની ખરાઈ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.

❖ <u>વિધાર્થીઓના પ્રવેશ માટેની પ્રક્રિયા</u>

- ઉપર મુજબ ખરાઈ પછી જે વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટે પાત્ર થાય છે તેવા વિદ્યાર્થીઓનું કામ ચલાઉ મેરીટ લિસ્ટ (Provisional Merit List) નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા એક અલાયદા પોર્ટલ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.
- રાજ્ય કક્ષાની આ યાદી તૈયાર કરતી વખતે સરકારના ધારાધોરણ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે અને દરેક કેટેગરીમાં ૫૦% લાભાર્થી કન્યાઓ રહેશે.
- સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ નિયત સમય મર્યાદામાં ક્રમાંક-૩ (તા.૨૦/૧૦/૨૦૨૩ના સુધારા ઠરાવ મુજબ) દર્શાવ્યા પ્રમાણેની કોઈપણ શાળામા ધોરણ-૯ માં પ્રવેશ મેળવી શકશે.
- પોર્ટલ ઉપર જાહેર કરેલ શાળાઓએ આ રીતે સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિધાર્થીઓને જ્યારે ધોરણ-૯ માં પ્રવેશ આપવામાં આવશે ત્યારે તેવા વિદ્યાર્થીઓને તેઓની શાળાઓમાં પ્રવેશ બાબતનું જનરલ રજીસ્ટર નંબર સાથેનું પ્રમાણપત્ર,શાળાના આચાર્યના સહી અને સિક્કા સાથે વિદ્યાર્થીને આપવાનું રહેશે.
- વિદ્યાર્થીના વાલીએ આ પ્રમાણપત્ર પોર્ટલ ઉપર આપવામાં આવેલ સૂચના અનુસાર નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાનું રહેશે.
- પસંદગી મુજબની શાળામાં પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીઓની અને તેઓના વાલીની રહેશે. તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારી કે નિયામકશ્રી,શાળાઓની જવાબદારી રહેશે નહી.
- આ પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓની ફાઈનલ મેરીટ લિસ્ટ (Final Merit List) નિયામકશ્રી, શાળાઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

❖ <u>ઓનલાઈન અરજી કરવાની સૂચનાઓ</u>

- આ પરીક્ષા માટે સરકારી શાળાના અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ સમગ્ર શિક્ષાની કચેરીના https://schoolattendancegujarat.in/ પોર્ટલ પર અને RTE ACT ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી)ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓએ રાજય પરીક્ષા બોર્ડની http://www.sebexam.org વેબસાઈટ પર તા.૨૯/૦૧/૨૦૨૪ થી તા.૦૯/૦૨/૨૦૨૪ દરમિયાન ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- વિદ્યાર્થી ગુજરાતી કે અંગ્રેજી પૈકી જે માધ્યમ પસંદ કરશે તે માધ્યમમાં પરીક્ષા આપી શકશે.

❖ <u>ઓનલાઈન અરજી કરવાની રીત</u>

<u>સરકારી શાળા અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.</u>

1. સૌ પ્રથમ https://schoolattendancegujarat.in/પોર્ટલ પર જવું.
2. શાળાના ડાયસ કોડથી લોગીન કરવું.
3. ડાબી સાઇડ પર મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા પર કલીક કરવું.
4. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા પર કલીક કરતા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનું લીસ્ટ જનરેટ થશે
5. ત્યારબાદ જે વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું હોય તેના નામ ની સામે ટીક કરવું.
6. વિદ્યાર્થીના નામની સામે ટીક કર્યા બાદ નીચે આપેલ બાંહેધરી પર ટીક કરવું.
7. ત્યારબાદ વિગતો ચકાસી સબમીટ અને કન્ફર્મ પર કલીક કરવું.
8. ત્યારબાદ સેવ કરી એપ્લીકેશન પ્રિન્ટ કરવી.

<u>સ્વનિર્ભર (ખાનગી)શાળાઓના વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીઓએ નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.</u>

1. સૌ પ્રથમ http://www.sebexam.org વેબસાઈટ પર જવું.
2. "Apply Online" પર Click કરવું.
3. Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Formatમાં સૌ પ્રથમ Aadhaar UID (C.T.S. Child I.D.) નાખ્યાબાદ સબમીટ આપવાનું રહેશે. જેથી વિગતો AUTO FILL જોવા મળશે. જે તપાસી બાકીની વિગતો વિદ્યાર્થીએ ભરવાની રહેશે.
4. વિગતો ચકાસી નીચે આપેલ બાંહેધરી પર ટીક કર્યા બાદ સબમીટ અને કન્ફર્મ પર કલીક કરવું.
5. ત્યારબાદ સેવ કરી એપ્લીકેશન પ્રિન્ટ કરવી.

❖ <u>અગત્યની સુચનાઓ-</u>

1. સરકારી/અનુદાનિત શાળાના વિદ્યાર્થી માટે ફોર્મ ભરવાની વ્યવસ્થા શાળા દ્વારા કરવાની રહેશે.
2. આ સ્કોલરશીપ પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ જ માન્ય રહેશે.
3. સ્કોલરશીપ પરીક્ષાના મેરીટના આધારે યાદી તૈયાર કરવામાં આવશે.
4. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.
5. સરકારી શાળાના અને અનુદાનિત પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ સમગ્ર શિક્ષાની કચેરીના https://schoolattendancegujarat.in/ પોર્ટલ પર અને સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓએ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ **http://www.sebexam.org** પર આ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરવાના રહેશે.
6. ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી તેમજ અન્ય વિગત માટે વિદ્યાર્થી પોતે જ જવાબદાર રહેશે.
7. આ પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો વિદ્યાર્થી દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા વિદ્યાર્થીના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
8. વિદ્યાર્થી ઈચ્છે તો વેબસાઇટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખી શકશે.
9. હોલ ટિકિટની જાણકારી આપની શાળા દ્વારા જણાવવામાં આવશે ઉપરાંત આપના રજીસ્ટર મોબાઇલમાં એસ.એમ.એસ.દ્વારા જાણ કરવામાં આવશે અથવા આપના દ્વારા <u>www.sebexam.org</u> વેબસાઇટ ચેક કરતા રહેવુ પડશે.
10. વિદ્યાર્થી હોલ ટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સુચનાઓ વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટના નમૂના પર છાપેલ તમામ સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઉભી ન થાય.
11. હોલ ટિકિટની કોપી કાઢયાબાદ વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યશ્રીના સહી, સિક્કા તેમજ બાળકે પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો હોલ ટિકિટ પર ચોટાડવાનો રહેશે.
12. રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા લેવાઇ રહેલ આ પરીક્ષા બાબતે વિદ્યાર્થીને લાલચ કે છેતરપીંડી આચારે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર વિદ્યાર્થીને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
13. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ શાળા દ્વારા હોલટિકિટ આપવામાં આવશે. સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થી પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મતારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.

14. સ્વનિર્ભર શાળાઓના કિસ્સામાં ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ની જોગવાઇ મુજબ નક્કી થયેલ ફી જ્ઞાન સાધના સ્કોલરશીપની રકમ કરતા વધુ હોય તો તે વધારાની રકમ શાળાને ચૂકવવાની જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે.
15. ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસ દરમ્યાન કોઈપણ ધોરણમાં વિદ્યાર્થી નાપાસ થાય અથવા તો શાળા શિક્ષણ છોડી દે અથવા વિદ્યાર્થી સામે કોઈ પણ ગંભીર પ્રકારના શિસ્ત વિષયક પગલાઓ લેવામાં આવે તો આ યોજનાનો લાભ નિયમાનુસાર તેઓને મળવાપાત્ર રહેશે નહીં.
16. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા માત્ર પરીક્ષા લેવામાં આવશે. શિષ્યવૃત્તિની સહાય માટે નિયામકશ્રી શાળાઓની સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૨૫/૦૧/૨૦૨૪

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ.
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

**ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજના (ધોરણ ૯ થી ૧૨ માટે)**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH**
**તા.૦૭/૦૬/૨૦૨૩**

**વંચાણે લીધા :**

૧. શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH

૨. શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/1584/CHH

૩. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ તા.૦૭/૦૬/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:સસઅ-૧૦૨૨-ન.બા./૧૯૨/ન

## પ્રસ્તાવના:-

ધોરણ - ૧ થી ૮ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ- ૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫% ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઇ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે રાજ્યમાં કાર્યરત તમામ બોર્ડ સાથે સંલગ્ન રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. અને તે મુજબ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-૧ મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના અંતર્ગત સ્વનિર્ભર શાળાઓની પસંદગી માટેના ધારાધોરણો નક્કી કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-૨ મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

રાજ્યમાં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૫માં સળંગ અભ્યાસ કરી ધોરણ ૫નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકીના તેજસ્વી વિદ્યાર્થીઓ મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત ગુજરાત

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ કે અન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વ-નિર્ભર શાળાઓમાં ધોરણ ૬માં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-3 મુજબ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનો ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-૧ અને ક્રમાંક-૨ ના જ્ઞાનસાધના સ્કોલરશીપ યોજના અને ક્રમાંક-3 ના મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના વચ્ચે મહદઅંશે એક સમાનતા સુનિશ્ચિત કરવી વિદ્યાર્થીઓના અને વાલીઓના હિતમાં જરૂરી જણાય છે. તેથી વંચાણે લીધેલ ક્રમાંક-૧ અને ક્રમાંક-૨ ના ઠરાવોને રદ કરી નવેસરથી ઠરાવ કરવાનો જરૂરી જણાય છે.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાના અંતે પ્રસ્તાવનામાં દર્શાવ્યા મુજબ ધોરણ ૮ પૂર્ણ કરેલ ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે પસંદ કરી તેમને ધોરણ ૯ થી ૧૨ સુધીનાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની યોજના અમલમાં મૂકવાનું નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

## ઠરાવ:-

1. **યોજનાનું નામ :**

   મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજના

2. **યોજનાના અમલીકરણ અધિકારી**

   આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.

3. **વિદ્યાર્થીઓ માટે શાળાઓની પસંદગીના વિકલ્પો**

   મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજના માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓને શાળાઓની પસંદગીમાં વધુમાં વધુ વિકલ્પ મળી રહે તે જરૂરી છે. તેથી તેઓના ધોરણ ૯ થી ૧૨નાં અભ્યાસ માટે નીચે મુજબ અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ રહેશે.

   i. નિયામકશ્રી, શાળાઓ દ્વારા મુદ્દા 4A માં દર્શાવેલ નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વનિર્ભર શાળાઓમા અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
   ii. વિદ્યાર્થીએ જે અનુદાનિત શાળામાંથી ધોરણ ૮નો અભ્યાસ પૂર્ણ કર્યો તે અનુદાનિત શાળા
   iii. કોઈપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
   iv. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી જો કોઇ વિદ્યાર્થી શાળા બદલવા ઇચ્છે તો ઉપર જણાવ્યા મુજબની શાળાઓ પૈકીની શાળામાં પ્રવેશ મેળવી શકશે એટલે કે ધોરણ ૯ પૂર્ણ કર્યા બાદ ધોરણ ૧૦ માં શાળા બદલી શકશે. તે જ રીતે અન્ય ધોરણો માં આ જોગવાઇ અનુસાર શાળા બદલી શકશે.

## 4. નિયામકશ્રી, શાળાઓ દ્વારા શાળાઓની પસંદગીના ધારાધોરણ

A. ઉપર 3 (i) ના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે.

i. શાળાના છેલ્લા પાંચ વર્ષ પૈકી ઓછામાં ઓછું ત્રણ વર્ષનું ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૦% કરતા વધુ હોય.

ii. શાળામાં ધોરણ ૯ થી ૧૨નો સળંગ અભ્યાસક્રમ ચાલતો હોય.

iii. ધોરણ ૯ થી ૧૨ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનું સંચાલન એક જ ટ્રસ્ટ/સંસ્થા દ્વારા થતું હોય.

iv. ધોરણ ૯ થી ૧૨ સળંગ એક જ કેમ્પસમાં ચાલતા હોય.

B. દર વર્ષે શાળાઓની પસંદગી યાદી નિયામકશ્રી, શાળાઓ દ્વારા નવેસરથી પરિણામ અને અન્ય મુદ્દાઓને આધારે અધતન કરવાની રહેશે.

C. આ રીતે અધતન પસંદગી યાદીમાંથી બાકાત થયેલ શાળા જયાં સુધી પુનઃ પાત્રતા મેળવે નહીં ત્યાં સુધી આ યોજના હેઠળ નવા પ્રવેશ આપી શકશે નહીં. પરંતુ અગાઉનાં વર્ષમાં આવી શાળામાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિધાર્થીઓ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ તે જ શાળામાં પૂર્ણ કરી શકશે અથવા વિધાર્થીઓ તેમની ઉપર 3 (iv) મુજબ શાળા બદલી શકશે.

D. દર વર્ષે વિધાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા પહેલા નિયામકશ્રી, શાળાઓ દ્વારા પસંદ કરાયેલ શાળાઓની અધતન યાદી અને તેમના પુરા નામ, સરનામા, માધ્યમ અને સ્વ-નિર્ભર શાળાઓના કિસ્સામાં ગુજરાત સ્વ-નિર્ભર શાળા(ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ અંતર્ગત નિયત કરેલ ફીની વિગતો અને અન્ય આનુષંગિક વિગતો સાથે જાહેર કરવાની રહેશે.

## 5. વિધાર્થીને મળવાપાત્ર યોજનાના લાભો :

A. જે વિધાર્થીઓ રાજ્ય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ કરેલ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ ૯માં પ્રવેશ મેળવશે તેવા વિધાર્થીઓને સ્કોલરશીપનો લાભ ધોરણ ૯થી શરૂ કરીને ધોરણ ૧૨ પૂર્ણ કરે ત્યાં સુધી નીચે મુજબ મળવા પાત્ર રહેશે.

i. ધોરણ ૯ થી ૧૦નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૨૨,૦૦૦

ii. ધોરણ ૧૧ થી ૧૨નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ.૨૫,૦૦૦

B. જે વિધાર્થીઓ સરકારી અથવા કોઈપણ અનુદાનિત શાળાઓમાં ધોરણ ૯માં પ્રવેશ મેળવીને ધોરણ ૯થી ૧૨નો અભ્યાસ આ શાળાઓમાં વિનામૂલ્યે મેળવવાનું ચાલુ રાખે તેવા વિધાર્થીઓને ની:શુલ્ક અભ્યાસ ઉપરાંત નીચે મુજબની વધારાની સ્કોલરશીપ આપવામાં આવશે.

   i. ધોરણ ૯થી ૧૦નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૬,૦૦૦
   ii. ધોરણ ૧૧થી ૧૨નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૭,૦૦૦

C. કોઇ પણ શાળામાં ધોરણ ૧૧ થી ૧૨ અનુદાનિત શાળા તરીકે ચાલતું હોય અને ધોરણ ૯ થી ૧૦ સ્વ-નિર્ભર શાળા તરીકે ચાલતી હોય, અથવા ધોરણ ૯ થી ૧૦ અનુદાનિત તરીકે અને ધોરણ ૧૧ થી ૧૨ સ્વ-નિર્ભર તરીકે ચાલતી હોય, આવા તમામ કિસ્સામાં જ્યાં ઉપર મુજબની ચારેય શરતો પૂર્ણ થતી હોય તો આવી શાળાઓમાં જે વિધાર્થીઓ પ્રવેશ મેળવશે તેઓને જેટલા ધોરણ સ્વ-નિર્ભર તરીકે ચાલતા હોય તેટલા ધોરણ પુરતુ સ્વનિર્ભર શાળાઓ માટે લાગુ પડતી સ્કોલરશીપ અને જેટલા ધોરણ અનુદાનિત શાળા તરીકે ચાલતા હોય તેટલા ધોરણ પુરતુ અનુદાનિત શાળાઓ માટે લાગુ પડતી સ્કોલરશીપની રકમ જે તે વર્ષ માટે મળવાપાત્ર રહેશે.

D. આ વિધાર્થીઓને સ્કોલરશીપની રકમ ઉપરાંત મફત બસ પાસની સુવિધા પણ મળશે.

## 6. અનુદાનિત અને સરકારી શાળાઓને મળવાપાત્ર નાણાકીય સહાય

A. આ યોજના હેઠળ મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજનામાં પાત્રતા ધરાવતા વિધાર્થીઓ અનુદાનિત કે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવે તો તે શાળાઓને નીચે મુજબ વિધાર્થી દીઠ નાણાકીય સહાય આપવામાં આવશે.

   i. ધોરણ ૯થી ૧૦માં પ્રવેશ મેળવેલ વિધાર્થી દીઠ વાર્ષિક રૂા. 3,000
   ii. ધોરણ ૧૧થી ૧૨માં પ્રવેશ મેળવેલ વિધાર્થી દીઠ વાર્ષિક રૂા. ૪,૦૦૦

B. જે તે અનુદાનિત અને સરકારી શાળાઓમાં આ રકમનો ઉપયોગ સમગ્ર શિક્ષા દ્વારા સરકારી શાળાઓને આપવામાં આવતી સંયુક્ત શાળા ગ્રાન્ટ (School Composite Grant) નો ઉપયોગ કરવા માટેના પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર કરવાનો રહેશે

## 7. વિધાર્થી અને શાળાને મળતી સહાયમાં સમયાંતરે વધારો

ઉપર 5A અને 5B મુજબ વિધાર્થીઓને મળવાપાત્ર સ્કોલરશીપની રકમમાં અને 6A મુજબ અનુદાનિત અને સરકારી શાળાઓને મળવાપાત્ર નાણાકીય સહાયમાં વધારો કરવા દર ત્રણ શૈક્ષણિક વર્ષ બાદ રાજ્ય સરકાર વિચારણા કરશે.

## 8. લાભાર્થીઓ નક્કી કરવા માટેની જ્ઞાન સાધના પરીક્ષા

A. મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષાનું આયોજન અને અમલીકરણ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવશે.
B. તે માટેનો અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું તેમજ આનુષંગિક નિયમો રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવશે.
C. આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓની ફી અંગેનો નિર્ણય રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરવામાં આવશે.

## 9. મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા

A. સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ ૮ માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય, તેવા આવકની મર્યાદા ધ્યાને લીધા વગર તમામ વિદ્યાર્થીઓ

અથવા

B. આરટીઇ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૧૨ (૧) (સી) ની જોગવાઇ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ૨૫% ની મર્યાદામાં ધોરણ ૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ ૮ માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય અને જેઓના વાલીની આવક જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આરટીઇ એક્ટ, ૨૦૦૯ ની કલમ ૧૨ (૧) (સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

## 10. મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ અને મેરીટ લિસ્ટ

A. મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં કટઓફ કરતા વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓને સુપ્રત કરવાની રહેશે.
B. ઉપર મુજબની યાદી પૈકીના વિદ્યાર્થીઓના દસ્તાવેજની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.

## 11. વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની પ્રક્રિયા

A. ઉપર મુજબ ખરાઇ પછી જે વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ માટે પાત્ર થાય છે તેવા વિદ્યાર્થીઓનું કામચલાઉ મેરીટ લીસ્ટ નિયામકશ્રી, શાળાઓ દ્વારા એક અલાયદા પોર્ટલ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.
B. રાજ્ય કક્ષાની યાદી તૈયાર કરતી વખતે સરકારના ધારાધોરણ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે અને દરેક કેટેગરીમાં ૫૦% લાભાર્થી કન્યાઓ રહેશે.
C. સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ નિયત સમય મર્યાદામાં ક્રમાંક ૩માં દર્શાવ્યા પ્રમાણેની કોઇપણ શાળામાં ધોરણ ૯માં પ્રવેશ મેળવી શકશે.

D. પોર્ટલ ઉપર જાહેર કરેલ શાળાઓએ આ રીતે સ્કોલરશીપ માટે પાત્રતા ધરાવતા વિધાર્થીઓને જ્યારે ધોરણ ૯માં પ્રવેશ આપવામાં આવશે ત્યારે તેવા વિધાર્થીઓને તેઓની શાળાઓમાં પ્રવેશ બાબતનું જનરલ રજીસ્ટર નંબર સાથેનું પ્રમાણપત્ર, શાળાના આચાર્યના સહી અને સિક્કા સાથે વિધાર્થીને આપવાનું રહેશે.

E. વિધાર્થીના વાલીએ આ પ્રમાણપત્ર પોર્ટલ ઉપર આપવામાં આવેલ સૂચના અનુસાર નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાનું રહેશે.

F. પસંદગી મુજબની શાળામાં પ્રવેશ મેળવવાની સંપૂર્ણ જવાબદારી વિધાર્થીઓની અને તેઓના વાલીની રહેશે. તે બાબતે જિલ્લા શિક્ષણાધિકારી કે નિયામકશ્રી, શાળાઓની જવાબદારી રહેશે નહીં.

## 12. સ્કોલરશીપની રકમની ચૂકવણીની પ્રક્રિયા

A. આ યોજના હેઠળ સ્કોલરશીપની ચૂકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થી સીધા વિધાર્થી/વાલીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

B. નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સ્કોલરશીપ યોજના માટેના પોર્ટલમાં વિધાર્થીઓ દ્વારા મેળવેલ પ્રવેશ અંગેની જિલ્લા શિક્ષણાધિકારી મારફત ખરાઇ કરવાની રહેશે.

C. તે ખરાઇ કર્યા પછી વહેલામાં વહેલી તકે સંબંધિત વાલીના ખાતામાં તેઓની મળવાપાત્ર સ્કોલરશીપ રકમની ૫૦% રકમ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) દ્વારા નિયામકશ્રી, શાળાએ ચૂકવી આપવાની રહેશે.

D. સ્કોલરશીપના બીજા હપ્તાની ૫૦% રકમ શૈક્ષણિક વર્ષના બીજા સત્રની શરૂઆતમાં વિધાર્થીઓની પહેલા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે ચૂકવવાની રહેશે.

E. જ્યારે આ વિધાર્થી બીજા વર્ષે ધોરણ ૧૦માં પહોંચે ત્યારે ધોરણ ૯ની બીજા સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં બીજા વર્ષની સ્કોલરશીપના ૫૦% પહેલા હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.

F. ધોરણ ૧૦ના પ્રથમ સત્રની ઓછામાં ઓછી ૮૦% હાજરીને આધારે બીજા સત્રની શરૂઆતમાં જ સ્કોલરશીપની બીજા હપ્તાની રકમ ચૂકવવાની રહેશે.

G. આ જ કાર્યપ્રણાલી પછીના વર્ષોમાં પણ સ્કોલરશીપની ચૂકવણી વખતે લાગુ કરવામાં આવશે.

H. સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવતા વિધાર્થીઓની વિધા સમીક્ષા કેન્દ્રના ઓનલાઇન એટેન્ડન્સ પોર્ટલ ઉપર નિયમિત રીતે હાજરી ભરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.

I. સ્વનિર્ભર શાળાઓના કિસ્સામાં ગુજરાત સ્વ-નિર્ભર શાળા(ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ની જોગવાઇ મુજબ નક્કી થયેલ ફી આ સ્કોલરશીપની રકમ કરતા વધુ હોય તો તે વધારાની રકમ શાળાને ચૂકવવાની જવાબદારી વિધાર્થીના વાલીની રહેશે.

**13. સરકારી અને અનુદાનિત શાળાઓને નાણાકીય સહાયની ચૂકવણીની પ્રક્રિયા**

દર શૈક્ષણિક વર્ષના અંતે જેટલા વિધાર્થીઓ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનો લાભ સાથે જે કોઇ સરકારી કે અનુદાનિત શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૪0% હાજરી સાથે પૂર્ણ કરે છે તેવા વિધાર્થી દીઠ ઉપર 6A માં દર્શાવ્યા પ્રમાણેની રકમ નિયામકશ્રી, શાળાઓ તરફથી જે તે સરકારી શાળાઓના કિસ્સામાં શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC) અથવા અનુદાનિત શાળાઓના કિસ્સામાં શાળા સંચાલક મંડળના ખાતામાં જમા કરવામાં આવશે.

**14. અન્ય શરતો :**

A. વિધાર્થીઓ અને વાલીઓને તેમની પસંદગી મુજબની શાળાઓમાં પ્રવેશ મળે તે માટે ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ અને નિયત લાયકાત ધરાવતા શિક્ષકોની ઉપ્લબ્ધતાને ધ્યાને રાખી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને નિયામકશ્રી, શાળાઓ દ્વારા તેમના સંલગ્ન આ યોજના હેઠળ પસંદ થયેલ શાળાઓને વધુ વિધાર્થીનો સમાવેશ કરવા માટે જરૂરી છૂટછાટ આપી શકશે.

B. ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસ દરમિયાન કોઇપણ ધોરણમાં વિધાર્થી નાપાસ થાય અથવા શાળા શિક્ષણ છોડી દે અથવા વિધાર્થી સામે કોઇ પણ ગંભીર પ્રકારના શિસ્ત વિષયક પગલાઓ લેવામાં આવે તો આ યોજનાનો લાભ નિયમાનુસાર તેઓને મળવાપાત્ર રહેશે નહીં.

C. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી જો કોઇ વિધાર્થી શાળા બદલવા ઇચ્છે તો તે બાબતે જે તે સમયે નિયામકશ્રી, શાળાઓ દ્વારા જાહેર કરેલ શાળાઓની અધતન પસંદગી યાદી પૈકીની શાળાઓમાં પ્રવેશ મેળવી તે બાબતનું જનરલ રજીસ્ટર નંબર અને શાળાના આચાર્યના સહી અને સિક્કા સાથે પ્રમાણપત્ર પોર્ટલ ઉપર અપલોડ કરવાનું રહેશે.

D. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ સ્કોલરશીપ મેળવતા વિધાર્થીઓને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

E. આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, શાળાઓ જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.

આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૭/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિતેશ ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રદ્વારા)

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવ શ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર – ૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ(નિયામકશ્રી, શાળઓની કચેરી મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ. આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પરઅપલોડ કરવા સારૂ)
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.